સત્સંગ



# મનાલાની લોકશાહી વિશ્વની સૌથી જૂની લોકશાહી પરંપરા છે

**હિમાલયનાં વિરલ તીર્થો**
**ભાણદેવ**

વર્ષમાં છ મહિના અહીં બરફ રહે છે, એટલે શિયાળાના આ છ મહિના માટે અનાજ, બળતણ, ઘાસચારો વગેરેનો સંગ્રહ કરી લેવામાં આવે છે. વાત કરતાં અમે જાણ્યું કે અહીંનાં જંગલમાં કેટલાંક એવાં વૃક્ષો પણ થાય છે, જેમને શિયાળામાં કુમળાં પાન ફૂટે છે. શિયાળામાં જ્યારે બહુ બરફ ન હોય ત્યારે પુરુષો પૂરક ઘાસચારા માટે આવાં ઝાડનાં પાન લેવા જતા હોય



છે. શિયાળાના આ છ માસ દરમિયાન કાંતવું, વણવું વગેરે ગૃહઉદ્યોગો ચાલે છે. બાકી મોટા ભાગે આ દિવસોમાં ખાવું-પીવું, સૂવું, વાતો કરવી, ઘરમાં બેસીને રમી શકાય તેવી રમતો રમવી, ગીતો ગાવાં વગેરે પ્રવૃત્તિઓ ચાલે છે.

ગામના બે વિભાગો છે. ગામલોકો આ બે વિભાગોને બે ગામ ગણે છે. એક ગામની દીકરી બીજા ગામમાં પરણે અને બીજા ગામની દીકરી આ ગામમાં પરણે તેવી પ્રથા છે. સદીઓથી આ ગામમાં એવી પરંપરા રહી છે કે ગામની દીકરી બહાર જાય નહિ અને બહારની ગામમાં આવે નહિ. લગ્નની બાબતમાં પણ સ્વાવલંબી! હજી પણ મોટા ભાગે આ પ્રથા ચાલુ છે. જોકે હવે થોડો ફેરફાર થવા માંડ્યો છે.

મલાનામાં સાચા અર્થમાં લોકશાહી પરંપરા છે. કેટલાક લોકો કહે છે કે મનાલાની લોકશાહી વિશ્વની સૌથી જૂની લોકશાહી પરંપરા છે. ગામલોકો સાથે મળીને ગામના પ્રશ્નોની ચર્ચા કરી નિર્ણયો લે છે. પંચાયત મુખી પણ હોય છે, પણ ચૂંટણી સર્વાનુમતિથી થાય તેવી પરંપરા છે. જો બે ઉમેદવારો ઊભા થાય તો ગામલોકો જ સમજાવટથી સર્વાનુમતિ સાધી લે છે.

અહીંની ગ્રામસભા અને ગ્રામપંચાયત ઘણી સક્રિય સંસ્થાઓ છે અને તેમના નિર્ણયોનું બરાબર પાલન થાય છે. અમે વાત કરતાં જાણ્યું કે હમણાં ગ્રામપંચાયતે અહીં દારૂબંધી ફરમાવી છે. દારૂને લીધે યુવાનો વચ્ચે ઝઘડાઓ થતા હતા, તેથી જાગ્રત ગ્રામસભાએ આ પ્રશ્ન હાથ ધર્યો અને ગામમાં દારૂબંધીનો ઠરાવ થયો છે. એક વાર ઠરાવ થયા પછી કોઈની મગદૂર છે કે તેનો ભંગ કરી શકે! સદીઓ સુધી બાકીની દુનિયાથી સાવ અલિપ્ત રહીને આ લોકોએ જીવી બતાવ્યું છે અને સફળતાપૂર્વક જીવી બતાવ્યું છે. તેમના આ પ્રયોગની હવે ભારતમાં અને ભારતની બહાર પણ નોંધ લેવાઈ રહી છે. તેમની આ સફળતાના પાયામાં તેમની સમૂહભાવના અને જાગ્રત લોકશાહી છે. જો એકબીજાને સહારે જીવવાની પદ્ધતિ અને સમૂહના નિર્ણયોને શિરોમાન્ય કરવાની ભાવના ન હોત તો આ પ્રજા ટકી શકી જ ન હોત. આ પ્રજા એક વિરલ સંજોગોમાં સદીઓ સુધી ટકી રહી અને સારી રીતે ગૌરવભેર ટકી રહી. સમાજશાસ્ત્રના અભ્યાસીઓએ આ વિરલ ઘટનાનો અને પ્રજાની વિરલ સામાજિક વ્યવસ્થાનો અભ્યાસ કરવા જેવો છે. તેમની કુટુંબપદ્ધતિ, લગ્નપદ્ધતિ, લગ્નજીવન, સામૂહિક જીવન, ઉત્સવો, સામાજિક રીત-રિવાજો, ધાર્મિક ખ્યાલો, ખાનપાન, રહેણીકરણી, ધાર્મિક વિધિઓ આ બધાનો ઊંડો અભ્યાસ થાય તો ઘણું નવું બહાર આવી શકે તેમ છે.

મનાલાના લોકો પોતાને જમદગ્નિ (જમલુ)ના ભક્તો અને અનુયાયીઓ માને છે અને પોતાને અન્ય લોકો કરતાં ઊંચા માને છે. સ્પર્શાસ્પર્શમાં ખૂબ માને છે. છતાં તેઓ અસ્પૃશ્યોને હલકા કે તુચ્છ ગણતાં નથી. તેમના પ્રત્યે તિરસ્કાર રાખતા નથી. અહીં એક સૂક્ષ્મ ઘટના સમજવાની જરૂર છે. એક વ્યક્તિ અન્ય કોઈને અસ્પૃશ્ય ન માને છતાં તેના મનમાં અન્ય પ્રત્યે તિરસ્કાર, તુચ્છકાર કે અન્ય હલકા ગણવાની વૃત્તિ હોઈ શકે છે, એટલે કે તેમના જીવનમાં વ્યાવહારિક ભૂમિકાએ અસ્પૃશ્યતા નથી પણ ચિત્તની ભૂમિકાએ અસ્પૃશ્યતા છે જ. એથી ઊલટું કોઈ વ્યક્તિ પોતાના સાચા-ખોટા ધાર્મિક ખ્યાલોને કારણે કે કોઈક વિચારસરણીને લીધે કોઈકને અસ્પૃશ્ય ગણે પણ તેના પ્રત્યે પોતાને સદ્ભાવ કે સ્નેહભાવ હોઈ શકે છે, એટલે કે વ્યાવહારિક ભૂમિકા પર તેને માટે કોઈક અસ્પૃશ્ય છે પણ ચિત્તની ભૂમિકાએ તેને માટે અસ્પૃશ્ય કોઈ નથી. આ

> **શિયાળાના આ છ માસ દરમિયાન કાંતવું, વણવું વગેરે ગૃહઉદ્યોગો ચાલે છે. બાકી મોટા ભાગે આ દિવસોમાં ખાવું-પીવું, સૂવું, વાતો કરવી, ઘરમાં બેસીને રમી શકાય તેવી રમતો રમવી, ગીતો ગાવાં વગેરે પ્રવૃત્તિઓ ચાલે છે**

વિશ્લેષણ બહુ ઝીણું કાંતવા જેવું લાગે તેવું છે, પણ સારું વસ્ત્ર બનાવવું હોય તો ઝીણું કાંતવું પડે અને ઝીણું કાંતવાની ધીરજ પણ રાખવી પડે. રજસ્વલા સ્ત્રીને સ્પર્શ ન કરાય એમ માનનાર કોઈ સજ્જન પોતાની રજસ્વલા યુવતી–પુત્રીને સ્પર્શ ન કરે કે પુત્રીની રાંધેલી રસોઈ ન જમે તો તેને પોતાની પુત્રી પ્રત્યે તિરસ્કાર કે તુચ્છકાર છે તેમ ન કહેવાય. મલાનાની અસ્પૃશ્યતા આવાં સ્વરૂપની છે. અમે જે હરિજન સજ્જનને ઘેર ઊતર્યા છીએ તેમના દ્વારા જાણ્યું કે તેમના ખેતરમાં કામ કરવા માટે ગામના અન્ય સવર્ણ લોકો આવે છે. કામ પૂરું થાય એટલે નાહી-ધોઈને ઘેર જાય છે, એટલું જ નહિ, પણ ગામમાં આવતાં બહારના લોકોની નોંધ રાખવાનું તથા તેમની વ્યવસ્થા કરવાનું કામ ગામલોકોએ તેને જ સોંપ્યું છે. તેમના તરફ ગામલોકો તુચ્છકાર કે તિરસ્કારથી જોતાં નથી.

મલાના પ્રમાણમાં ઘણું ઠંડું ગામ છે, એટલે સૂર્યાસ્ત પછી મોટા ભાગે કોઈ બહાર નીકળે નહિ. ગામના મોટા ભાગનાં મકાનો બે માળનાં છે. ભોંય તળિયે પશુઓનું રહેઠાણ, ગોડાઉન, વણાટસાળ અને ઘાસચારો રાખવાની વ્યવસ્થા છે. પહેલા માળે રહેણાંક હોય છે. અમને પણ - પહેલા માળે એક નાની રૂમ મળી છે. રૂમ એટલી નાની છે કે બધા : એ રૂમમાં સમાઈ શકે તેમ નથી, એટલે અમારામાંથી બે જણ બહાર ઓસરીમાં સૂવે તેવી ગોઠવણ કરવી પડે છે. એ બે વ્યક્તિઓમાં એક નામ મારું છે. બહાર ખાટલો ઢાળીને મેં પથારી બનાવી. મારી બાજુમાં જ અમારા યજમાન પણ ખાટલા પર સૂતા છે.

થોડી વારમાં અમારા યજમાનનાં વૃદ્ધ માતુશ્રી આવ્યાં અને મારા પર બે ગરમ ધાબળા ઓઢાડી દીધા. એમણે મને પોતાનો પુત્ર માનીને ધાબળા ઓઢાડેલા એ સમજતાં મને વાર ન લાગી. મેં કહ્યું, “બરાબર છે માજી, ઓઢાડો હું પણ તમારો દીકરો જ છું.” મેં આ વાક્ય ગુજરાતીમાં કહ્યું. તેનો અર્થ તો એ ભલાં માતાજી સમજ્યાં નહિ, પણ પોતે ઓળખવામાં ભૂલ કરી છે એટલું તો તેઓ સમજી ગયાં. તેમણે ભૂલ સુધારવાની એટલે કે ઓઢાડેલા ધાબળા પાછા લઈ લેવાની ધૃષ્ટતા ન કરી. કોઈ માતા એટલી ધૃષ્ટતા ન કરી શકે. તેઓ અંદરથી બીજા બે ધાબળા લઈ આવ્યાં અને પોતાના પુત્રને ઓઢાડ્યા.

(ક્રમશઃ)



# પંચયોગના સંયોગે ઉજવાશે અક્ષય તૃતિયા

**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**

આગામી તા. 10મી ને શુક્રવારે અક્ષય તૃતિયાનું મોટું ધર્મપર્વ છે. સનાતનીઓ દરેક પ્રકારનાં શુભ કાર્યો માટે અક્ષય તૃતિયાને ખૂબ જ શુભ માને છે. નવા કાર્યનો પ્રારંભ હોય કે ઘર-ફેક્ટરીનું ભૂમિપૂજન, લગ્નનો શુભ અવસર હોય કે વાહન-ઝવેરાત જેવી કોઇ મોટી ખરીદી દરેક કાર્યો માટે આ દિવસે મુહૂર્ત જોવું નથી પડતું એટલો ઉત્તમ દિવસ ગણાય છે. પાઠ-પૂજા, અનુષ્ઠાન, હોમ, યાગ, દાનપુણ્ય માટે પદ્મપુરાણમાં આ દિવસ ઘણો શ્રેષ્ઠ હોવાના પ્રમાણ છે. આજના દિવસે કરેલ પાઠ-પૂજા, સત્કર્મો, દાન-પુણ્ય કયારેય ક્ષય નથી થતાં પણ તેનું ફળ અવશ્ય આ જન્મમાં નહિ તો આગલા જન્મમાં પણ મળે છે. મહત્ત્વપૂર્ણ વાત એવી છે કે આ વખતે અખાત્રીજ તરીકે ઓળખાતું અક્ષય તૃતિયાનું ધર્મપર્વ પાંચ જેટલા શુભ યોગના સંયોગે બની રહ્યું છે. 100 વર્ષ પછી આ શુભ દિવસે ગજકેસરી રાજયોગનો સંયોગ બનવા જઇ રહ્યો છે. અક્ષય તૃતિયાના દિવસે ચંદ્ર અને બૃહસ્પતિની યુતિ થવાને કારણે ગજકેસરી રાજયોગનું નિમાર્ણ થઇ રહ્યું છે તો એની સાથે શશ નામનો ઉત્તમ યોગ , માલવ્ય યોગ, ધન યોગ અને રવિયોગના સંયોગે પાંચ મહા શુભ યોગ આ દિવસે સર્જાશે એટલે આ સર્વશ્રેષ્ઠ પાવન દિવસે કરેલી પૂજા, હવન, અનુષ્ઠાન, વ્રત, દાનપુણ્યનું ફળ અધિકાધિક આપનારું હશે.

દરેક શુભ કાર્યો માટે આપણે મુહૂર્તનો સમય અવશ્ય જોઈએ છીએ તો અક્ષય તૃતિયા તિથિનો પ્રારંભ તા. 10મીએ વહેલી સવારે 4.17 કલાકે થશે જેનું સમાપન તા.11મીએ વહેલી સવારે 2.50 કલાકે થશે. આ તિથિમાં 10મીએ સવારે 5.49થી બપોરે 12.30 કલાક સુધીનું મુહૂર્ત એકદમ ઉત્તમ છે. માન્યતા મુજબ આ સમયમાં થયેલ દરેક શુભ કાર્યોને અવશ્ય સફળતા મળે છે. વેદો-ઉપનિષદોમાં અક્ષય તૃતિયાના પર્વ પર દાનનું મહત્ત્વ અધિક દર્શાવાયું છે. ગરૂડપુરાણમાં દાનની ફળશ્રુતિરૂપે લાંબું આયુષ્ય પ્રાપ્ત થાય છે તો મનુસ્મૃતિમાં એક શ્લોક છે કે

તપઃ પરં કૃતયુગે ત્રેતાયાં જ્ઞાનમુચ્યતે
દ્વાપરે યજ્ઞમેવાહુર્દાનમેકં કલૌ યુગે

અર્થાત્ સતયુગમાં તપ, ત્રેતાયુગમાં જ્ઞાન, દ્વાપરયુગમાં યજ્ઞ અને કળીયુગમાં દાન એ મનુષ્ય માટે કલ્યાણકારી રહેશે. જેમા જરૂરિયાતમંદોને ભોજન, વસ્ત્ર, ધન અને જ્ઞાનનું દાન ખૂબ પુણ્યકારી દર્શાવાયું છે.

અક્ષય તૃતિયામાં સુવર્ણખરીદી ઉત્તમ મનાય છે પણ આજે કૂદકે ને ભૂસકે વધી રહેલા સોનાના ભાવના કારણે સૌ કોઇ સુવર્ણ ખરીદવા સક્ષમ નથી હોતા તો ચાંદીની ખરીદી કરી શકાય છે. ચાંદી પણ સસ્તી તો નથી જ પણ શુકન માટે નાની વસ્તુ ખરીદી શકાય. જો એ પણ શક્ય ના હોય તો જવની ખરીદી કરો. જવ એ ધાન્ય છે અને સૌને પોસાય તેવી કિંમતમાં મળી શકે. લક્ષ્મીજીને જવ પ્રિય છે તેથી ઘરમાં જવની ખરીદી સાથે માતા લક્ષ્મીજીની કૃપા પણ બની રહે છે. કોડી પણ બજારમાંથી ખરીદી પૂજાઅર્ચના દરમ્યાન ઘરમંદિરમાં લક્ષ્મીજીની પ્રતિમા, ફોટા કે શ્રીયંત્ર પાસે રાખી ત્યાર બાદ લાલ કાપડના ટુકડામાં લપેટી તિજોરીમાં રાખી મૂકવાથી ધનવૃધ્ધિ સાથે લક્ષ્મીજીના આશીર્વાદ પ્રાપ્ત થશે.

આ દિવસે માટીનો ઘડો મતલબ કે માટલું ખરીદી તેમાં અલગ-અલગ પ્રકારના અનાજના પેકેટ ભરી દાન કરવાને પણ ઘણું શુભ મનાયું છે. અક્ષય તૃતિયાનું આ ધર્મપર્વ પુરાણના અનેક પ્રસંગો સાથે જોડાયેલું છે.


ભગવાન વિષ્ણુના છઠ્ઠો અવતાર ગણાતા ભગવાન પરશુરામનો જન્મ વિક્રમ સંવત પૂર્વે 5147ના વૈશાખ સુદ ત્રીજના એટલે કે અખાત્રીજના દિવસે થયો હતો. ત્યારથી આ દિવસે પરશુરામ જયંતી પણ સમગ્ર સનાતનીઓ ઉજવે છે. ખાસ કરીને બ્રાહ્મણોના ઈષ્ટદેવ પરશુરામ હોવાથી દેશભરમાં બ્રહ્મસમાજ સંગઠનો ખૂબ ધૂમધામથી પરશુરામ જયંતીની ઉજવણી કરે છે. આજે તો પ્રત્યેક મોટાં શહેરોમાં પરશુરામ મંદિર નિર્માણ પામ્યાં છે તેથી આ અવસરે મહાપૂજા, મહાઆરતી, યજ્ઞ, ભંડારા, શોભાયાત્રા સહિતના વિવિધ કાર્યક્રમો આયોજીત થતા હોય છે. સુરતમાંથી જ વિવિધ બ્રહ્મસમાજનાં સંગઠનો દ્વારા વિવિધ વિસ્તારોમાં ત્રણથી ચાર જેટલી શોભાયાત્રા નીકળે છે. બ્રાહ્મણોની ભાવનાઓને સન્માન આપી અડાજણ ખાતેના એક ગાર્ડનને સુરત મ્યુ. કોર્પોરેશને ‘પરશુરામ ગાર્ડન’ નામ આપ્યું છે અને તેમાં 6 ફૂટ ઊંચી પ્રતિમા પણ પ્રસ્થાપિત કરાઇ છે. પ્રતિમાની વાત આવી ત્યારે ભૂલવું ના જોઇએ કે ગત વર્ષે હિમાચલ પ્રદેશની ભારત-ચીન સીમા પર 281 ફૂટની ઊંચી પહાડીઓ પર પરશુરામની તપોભૂમિ પર લગભગ 54 ફૂટની ભગવાન પરશુરામની પ્રતિમા સ્થાપિત કરવા માટે ગૃહમંત્રી અમિત શાહના હસ્તે આધારશિલા પ્રતિમાના પ્રતીકરૂપે પ્રસ્થાપિત કરી છે. 36 ટન વજનની પંચધાતુની બનનારી આ પ્રતિમા માટે ભારત સરકારે 40 કરોડ રૂપિયાની પણ ફાળવણી કરી છે. દરેક ધર્મોને સમાન સમ્માન આપતી BJP સરકાર ગત વર્ષે મધ્યપ્રદેશમાં ફરી સત્તા જાળવી રાખી સનાતની સંસ્થાનો, મંદિરો, પ્રતિમા પ્રસ્થાપિત જેવાં કાર્યોમાં ખૂબ સહયોગ આપી રહી છે. મધ્યપ્રદેશના કટની જિલ્લાના બંજારી ગામ વિસ્તારમાં મહાનદી અને કટની નદીના સંગમ પર ધાર્મિક નગરીનું આયોજન થઈ રહ્યું છે. અહીં પણ ભગવાન પરશુરામની 108 ફૂટ ઊંચી અષ્ટધાતુની પ્રતિમા પ્રસ્થાપિત કરાશે. અયોધ્યાના રામમંદિરની પ્રતિકૃતિ જેવું નાનું રામમંદિર, શબરીમંદિર, ભારત માતા મંદિર જેવાં નિર્માણો સાથે ભવ્ય ધાર્મિક નગરીનું આયોજન છે જે દોઢેક વર્ષમાં પૂર્ણ કરાશે. મધ્યપ્રદેશ સરકારે તો બ્રાહ્મણોની ભાવનાઓનું સમ્માન કરતા પરશુરામ જયંતીના દિવસે ‘સરકારી રજા’ પણ જાહેર કરી છે. ભગવાન પરશુરામની અનેક વિશાળ પ્રતિમાઓ વિશે એક આખો રસપ્રદ લેખ લખી શકાય તેમ છે. જે સ્થળસંકોચને કારણે ફરી ક્યારેક.



અક્ષય તૃતિયાની મૂળ વાત પર આવીએ. આ દિવસનું સમગ્ર સનાતનીઓ માટે ખૂબ મહત્ત્વ તેની સાથે જોડાયેલ પૌરાણિક પ્રસંગો દ્વારા છે. ભગવાન લક્ષ્મી-નારાયણના પૂજા-અનુષ્ઠાન સાથે સંકળાયેલ અખાત્રીજના પાવન અવસરે મા ગંગાનું સ્વર્ગમાંથી અવતરણ થયેલું તો માતા અન્નપૂર્ણાનું પ્રાગટ્ય પણ આ દિવસે જ થયેલું. તેના પ્રાગટ્યની કથા ખૂબ વિસ્તૃત છે પણ આ અવસરના મહિમાની વાત કરીએ તો મહાભારતનું યુધ્ધ આ દિવસે સમાપ્ત થયેલું. વેદવ્યાસજી દ્વારા મહાભારત ગ્રંથની રચનાનો પ્રારંભ પણ અક્ષય તૃતિયાના દિવસે જ થયો હતો. પાંડવો જુગટુમાં દ્રૌપદીને હારી ગયા પછી દુઃશાસન દ્વારા તેના ચીરહરણ વખતે ભગવાન કૃષ્ણે તેના ચીર પૂર્યાં એ પ્રસંગ પણ અખાત્રીજના દિવસે જ બનેલો. યુધિષ્ઠિર દાનધર્મ સાથે અનેક લોકોને ભોજન કરાવતા તેથી તેના આ સત્કાર્યથી પ્રેરિત ભગવાન વિષ્ણુએ તેમને અક્ષયપાત્ર આ અક્ષય તૃતિયાના દિવસે જ આપેલું જેમાંથી અન્ન ક્યારેય ખૂટતું નહિ અને અનેક લોકોને ભોજન મળી રહેતું. આમ મહાભારત સાથે વિવિધ પ્રકારે સંકળાયેલ અક્ષય તૃતિયાના દિવસે છ મહિના બંધ રહેલા બદ્રીનાથ-કેદારનાથ કપાટ ખૂલે છે. શ્રી કૃષ્ણના પરમ સખા સુદામા તેમને દ્વારિકાના મહેલમાં મુઠ્ઠીભર તાંદુલ લઈ મળવા આવે છે એ દિવસ પણ અક્ષય તૃતિયાનો હતો અને ભગવાને તાંદુલના બદલામાં ક્ષય ના થાય તેટલી સંપત્તિ સુદામાને આપી હતી.

વૃંદાવન સ્થિત બાંકે બિહારીજીના મંદિરમાં પણ માત્ર અખાત્રીજના દિવસે જ ચરણદર્શન થાય છે બાકી આખું વર્ષ વસ્ત્રોથી ચરણ ઢંકાયેલા રહે છે. જૈન ધર્મ માટે પણ આ ધર્મ-પર્વનું મહત્ત્વ અધિક છે. પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાને લગભગ 400 દિવસની કઠીન તપશ્ચર્યા પછી શેરડીનો રસ પીને આ દિવસે પારણાં કરેલાં.શેરડીના રસને ઈક્ષુરસ પણ કહેવાય છે તેથી અખાત્રીજને ઈક્ષુતૃતિયા પણ કહે છે. ભવિષ્ય પુરાણમાં જણાવ્યું છે કે આ યુગાદિ તિથિ છે. જે ત્રેતાયુગથી પ્રારંભાઈ છે અને અંતે વિક્રમ સંવત સાથે જોડાઈ ગઈ છે.

> **અખાત્રીજના પાવન અવસરે મા ગંગાનું સ્વર્ગમાંથી અવતરણ થયેલું તો માતા અન્નપૂર્ણાનું પ્રાગટ્ય પણ આ દિવસે જ થયેલું. મહાભારતનું યુધ્ધ આ દિવસે સમાપ્ત થયેલું તો વેદવ્યાસજી દ્વારા મહાભારત ગ્રંથની રચનાનો પ્રારંભ પણ અક્ષય તૃતિયાના દિવસે જ થયો હતો. પાંડવો જુગટુમાં દ્રૌપદીને હારી ગયા પછી દુઃશાસન દ્વારા તેના ચીરહરણ વખતે ભગવાન કૃષ્ણે તેના ચીર પૂર્યાં એ પ્રસંગ પણ અખાત્રીજના દિવસે જ બનેલો**



# કર્મનું ફળ તો બધાંએ ભોગવવું જ પડે છે

કહેવાય છે કે મનુષ્ય જીવન આપણને સત્કાર્યો તેમજ પ્રભુનું સ્મરણ કરવા માટે જ આપવામાં આવ્યું છે. પરંતુ આપણે જીવનમાં ભાગ્યેજ સારા વિચારો, સારા કાર્યો કે પ્રભુનું ભજન કરીએ છીએ. આપણે તો દરરોજ પારકાની નિંદા, બદબોઈ, વગોવણી વિગેરે કરીએ છીએ. આ ઉપરાંત મફતિયું તથા વગર મહેનતનું ખાવા ટેવાયેલા છીએ તથા આપણને ખાસ કરીને સામી વ્યક્તિને હેરાન પરેશાન કરવામાં જ બહું આનંદ આવે છે. આમ આપણે જે કાંઈ ખોટાં કામો કરીએ છીએ તેનું ફળ આપણે વહેલું કે મોડું ભોગવવું જ પડે છે. ખુદ ભગવાન પણ આમાંથી બાકાત રહી શક્યાં નથી. ભગવાનને પણ કર્મનું ફળ ભોગવવું પડે છે. આ માટે નીચે મુજબની કથા જાણવા જેવી છે.

એક સમયે ભીમક નામના રાજાની સુપુત્રી દમયંતી કે જે રૂપ રૂપનાં અંબાર સમી હતી, તેનો સ્વયંવર યોજવામાં આવ્યો હતો. આ રૂપાળા સ્વયંવરમાં ભાગ લેવા માટે દૂર દૂરથી રાજા, મહારાજાઓ, રાજકુમારો, યક્ષ, ગાંધર્વ, દેવો તથા સ્વયં વિષ્ણુ ભગવાન પણ આવ્યાં હતાં.

બધાં જ આમંત્રિત મહેમાનો પોતપોતાના સિંહાસન ઉપર બિરાજમાન હતાં, ત્યાં અચાનક શ્રી હરિ વિષ્ણુ ભગવાનની નજર દેવર્ષિ નારદજી ઉપર પડી. નારદજી તો સજીધજીને સ્વયંવરમાં ભાગ લેવા માટે પધાર્યા હતા. નારદજીને આવા વિશિષ્ટ વેશમાં જોઈને વિષ્ણુ ભગવાનને અત્યંત નવાઈ લાગી અને પૂછ્યું કે નારદજી આપ તો બાલ બ્રહ્મચારી છો, પછી આ સ્વયંવરમાં પધારવાનું પ્રયોજન શું છે? નારદજીએ આ સાંભળીને કહ્યું કે,

> **આપણે જે કાંઈ ખોટાં કામો કરીએ છીએ તેનું ફળ આપણે વહેલું કે મોડું ભોગવવું જ પડે છે. ખુદ ભગવાન પણ આમાંથી બાકાત રહી શક્યાં નથી. ભગવાનને પણ કર્મનું ફળ ભોગવવું પડે છે**

આવી જોબનવંતી, કોડભરી, રૂપ રૂપનાં અંબાર સમી કન્યાને પરણવાના કોડ કોને ન હોય? ભગવાન વિષ્ણુએ વિચાર્યું કે જો કદાચ દમયંતી નારદજીને ભૂલથી પણ વરમાળા પહેરાવશે તો મહા અનર્થ થઈ જશે. ભગવાને વિચાર કર્યો કે, હું એવું કાંઈ કરું જેથી દમયંતી નારદજીને વરમાળા ન પહેરાવે. આવું વિચારીને વિષ્ણું ભગવાને નારદજીનું મુખ વાનર જેવું બનાવી દીધું. આ તરફ નિર્ધારિત સમયે, ભરી સભામાં દમયંતી વરમાળા લઈને વારાફરતી દરેક રાજાધિરાજાઓ, દેવો, ગાંધર્વો, મહાબલિઓ વિગેરે પાસે જવા લાગી, પરંતુ અચાનક નારદજી પાસે આવીને અટકી ગઈ અને નારદજીનું આવું વરવું મોઢું જોઈને ખડખડાટ હસવા લાગી.

આ જોઈને આમંત્રિત મહેમાનો પણ પોતાનું હસવું ખાળી શક્યાં નહીં અને ભરસભામાં નારદજીની બહું બેઈજ્જતી થઈ. દેવર્ષિ નારદ મુનિને તો આ બાબતની ખબર હતી નહીં અને એમને ગતાગમ પણ ના પડી કે સભામાં બધાં શાં કારણે એમને જોઈને હસતાં હતાં? આથી નારદજીએ શ્રી હરિને પૂછ્યું કે બધાં ક્યાં કારણસર મારા ઉપર હસતાં હતાં? આ સાંભળતા જ શ્રી હરિએ ટીખળ કરતાં જણાવ્યું કે, પહેલાં તમો તમારી સૂરત જુઓ ત્યાર પછી જ દમયંતી જેવી રૂપસુંદરીને પરણવાના અને પામવાના સપનાં જુઓ. આમ કહીંને પ્રભુ સભાખંડની બહાર નીકળી ગયાં અને એમની પાછળ પાછળ નારદજી પણ બહાર નીકળી ગયાં. રસ્તામાં પસાર થતી વખતે એક નદી આવી ત્યાં નારદજીને હાથ પગ મોઢું ધોવાની ઈચ્છા થઈ અને જેવાં નારદજી નદીમાં ઉતર્યા કે એમણે પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોયું અને પોતાનું વાનર જેવું મુખ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. નારદજીને ત્યારે ખ્યાલ આવી ગયો કે, આ ભગવાન વિષ્ણુનું જ કામ છે, તેથી નારદજી શ્રી હરિ ઉપર બહું ક્રોધે ભરાયા અને ગુસ્સામાં શાપ આપતાં બોલ્યાં કે, હે! વિષ્ણુ મેં તમારૂં કાંઈપણ બગાડ્યું ન હતું તેમ છતાં, તમોએ જાણીબૂઝીને મારૂં મુખ વાનર જેવું બનાવીને મહા અપરાધ કર્યો છે અને મને દમયંતી તેમજ રાજા ભીમકની સભામાં ખુબ લજ્જિત કર્યો છે, તેથી રામાવતારમાં તમારી પ્રિય પત્નીનું હરણ થશે અને તમો પત્ની વિરહમાં બહું તડપશો તથા તમારી પત્નીની ભાળ મેળવવા માટે તમારે વાનરસેનાની જ સહાય લેવી પડશે. આવાં કટુ વચનો સાંભળીને શ્રીહરિ ઘણાં જ ખસિયાણા અને શરમિંદા બન્યાં અને ભવિષ્યમાં ક્યારેય પણ આવુ દુઃસાહસ નહીં કરવાની ખાતરી આપીને નારદજીના ક્રોધને શાંત કર્યો. પરંતુ નારદજીને મજાકમાં સતાવવાનું ખોટું કાર્ય કર્યું હતું એના ફળ સ્વરૂપે રામાવતારમાં એમની પ્રાણ પ્રિયાનું રાવણ દ્વારા હરણ થતાં સીતામાતાની ભાળ મેળવવા માટે રામને સુગ્રીવ, મહાબલિ હનુમાન, અંગદ, નલ, નીલ તથા સમગ્ર વાનરસેનાની મદદ લેવી પડી હતી.

રામાવતારમાં જ વાલીએ રામનું કશું પણ ખરાબ કર્યુ નહતું છતાં પણ રામે સુગ્રીવનો પક્ષ લઈ વાલીને બાણથી હણી નાંખ્યો હતો, તેનાં ફળ સ્વરૂપે કૃષ્ણાવતારમાં વાલીએ પારધીના રૂપમાં ભગવાન શ્રી કૃષ્ણને બાણ મારીને હિસાબ સરભર કર્યો હતો. મહાભારતનાં યુદ્ધમાં પણ ભગવાન કૃષ્ણએ પાંડવોને બચાવવા વખતોવખત કાવાદાવા, રાજકારણ, છળકપટ જેવી રમતો રમીને કૌરવ સેનાનો સંહાર કર્યો હતો અને આ જોઈને દુઃખી થયેલી ગાંધારીએ કૃષ્ણ ભગવાનને શાપ આપ્યો હતો કે જેવી રીતે અમારા કુરૂ વંશનો નાશ થયો છે તે રીતે તમારા યાદવ કૂળનો પણ સર્વનાશ થજો. જ્યારે યુદ્ધ પછી ભગવાન કૃષ્ણ દ્વારકા વસ્યા હતાં અને એમનાં યાદવ કૂળના સ્વજનો અને જ્ઞાતિજનોએ યાદવાસ્થળી યોજી અને અંદરો અંદર બધાં હણાઈ ગયાં અને કૃષ્ણ ભગવાનની અસલ દ્વારિકા નગરી સમુદ્રમાં ગરકાવ થઈ ગઈ. આમ કર્મ કોઈને છોડતું નથી.

સારા કર્મોથી સારું ફળ મળે છે અને ખોટાં કર્મોથી ખરાબ ફળ મળે છે. માટે જ ઘણાં વિદ્વાનોએ કહ્યું છે કે કોઈનું ભલું ના થાય તો વાંધો નહીં, પરંતુ ક્યારેય કોઈનું બુરું કરવું નહીં કે જેથી આપણને કર્મફળ ના લાગે.

શૈલેન્દ્ર નામના મશહૂર ગીતકારે તીસરી કસમ નામની ફિલ્મની એક ગીતની કડીમાં લખ્યું છે કે “ ભલા કીજે ભલા હોગા, બુરા કીજે બુરા હોગા, વહી (નોંધપોથીમાં) લીખ લીખ કે ક્યાં હોગા, યહી સબકુછ ચૂકાના હૈ”. સંન્યાસી ફિલ્મનાં એક ગીતમાં એમ.જી. હાશમત નામના ગીતકારે લખ્યું છે કે “ કર્મ કિયે જા, ફલ કી ઈચ્છા મત કર તું ઈન્સાન, જૈસે કર્મ કરેગા વૈસે ફલ દેગા ભગવાન, યે હૈ ગીતા કા જ્ઞાન, યે હૈ ગીતા કા જ્ઞાન “.

**- યોગેશભાઈ આર જોશી, હાલોલ**